# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-06-2025 Day: saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - PM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ જે પ્રકારના તણાવમાંથી પસાર થઈ રહ્યું છે તેવી સ્થિતિમાં, યોગ આપણને શાંતિની દિશા આપે છે.**

**આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરતા, શ્રી મોદી એ કહ્યું કે 11મી વખત, વિશ્વ 21 જૂને યોગનો અભ્યાસ કરવા માટે એક સાથે આવી રહ્યું છે, જે દર્શાવે છે કે યોગે વિશ્વભરના લોકોને સુંદર રીતે એક કર્યા છે.**

**(બાઇટ: PM-MODI)**

**શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષના યોગ દિવસની થીમ, એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ, યાદ અપાવે છે કે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે સુખી અને સ્વસ્થ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે વિશ્વ કેવી રીતે એક સાથે આવે છે.**

**------------------------------------------------------------------------------------------**

## યોગ દિવસ – રાજ્ય કક્ષાની ઉજવણી

**11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી વડનગરના શર્મિષ્ઠા તળાવ પરિસર ખાતે કરવામાં આવી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં લોકો સાથે યોગાસનો કરીને સહભાગી બન્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે યોગ વિશ્વના દેશોના લોકોની રોજબરોજની જીવન શૈલીનો ભાગ બની ગઈ છે. તેમણે યોગ વિકસિત, સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.**

રાજ્યભરમાં મહાનગરપાલિકાથી લઈને ગ્રામ પંચાયત સુધી અંદાજે કુલ દોઢ કરોડ લોકો આંતરરાષ્ટીય યોગ દિવસ ની ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## યોગ દિવસ – જિલ્લાકક્ષાની ઉજવણી

કચ્છમાં પણ યોગ દિવસ નિમિત્તે જિલ્લાકક્ષા,તાલુકાકક્ષા તથા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે કુલ ૧૦ કાર્યક્રમો યોજાયા હતા.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને ભુજમાં સ્મૃતિવન ખાતે 'યોગા ફોર વન અર્થ, વન હેલ્થ' અને 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત' ની થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે "મિયાવાકી વન"ના આહલાદક વાતાવરણમાં યોજાયેલા કાર્યક્રમમાં ૨૫૦૦થી વધુ યોગપ્રેમીઓ જોડાયા હતા.

આ પ્રસંગે શ્રી બાવળીયાએ જણાવ્યું હતું કે, યોગ શારીરિક વ્યાયામ નહીં, પરંતુ જીવન જીવવાની કળા છે.

આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ કહ્યું કે, યોગ મનને શાંતિ અને તનને સ્ફૂર્તિ આપે છે ત્યારે યોગને જીવનશૈલીનો ભાગ બનાવવો જોઇએ.

કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કચ્છ જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સંત રામદાસજી દ્વારા યોગ પ્રોટોકલની તાલીમ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## યોગ દિવસ નિમિત્તે તાલુકા કક્ષાના કાર્યક્રમો

આ ઉપરાંત, અંજારમાં આહીર બોર્ડિંગ ગ્રાઉન્ડ, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ, રાપરમાં સ્વામીનારાયણ ગુરૂકુળ, માંડવીમાં ચુનીલાલ વેલજી ઉદ્યાન, નખત્રાણામાં ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, મુન્દ્રામાં અદાણી પબ્લીક સ્કુલ, અબડાસામાં ખરવાડ ગ્રાઉન્ડ છાડુરા, ભચાઉમાં પટેલ

બોર્ડિંગ અને લખપતમાં પી.એમ.લીંબાણી હાઈસ્કૂલ દયાપર ખાતે તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત નાગરિકોએ ઉપસ્થિત રહીને યોગ આસનો કર્યાં હતા તથા યોગના ફાયદાઓ વિશે સમજ મેળવી હતી.

ઐતિહાસીક ધરોહર સમાન ધોળાવીરા ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ નિમિત્તે મોટી સંખ્યામાં યોગસાધકોએ યોગાસનો કર્યાં હતા.

પાલારા ખાસ જેલ ભુજ ખાતે પણ પુરૂષ તથા મહિલા કેદીઓએ યોગાસનો કરીને યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા.

---------------------------------------------------------------------------------

## પીજીવીસીએલ

**61** લાખથી વધુ ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડતા **PGVCL** દ્વારા વરસાદી સિઝનમાં પવન અને વીજળી પડવાને કારણે સર્જાતાં વીજ ફોલ્ટનું સમયસર નિવારણ લાવવા માટે કચ્છ-સૌરાષ્ટ્રના ૧૨ સર્કલમાં **2500** કર્મીઓની ટીમો **840** વાહન સાથે તૈનાત કરાઈ છે. લોકોને અવિરત વીજપુરવઠો મળતો રહે અને વીજ વિક્ષેપ ન થાય એ માટે **12** સર્કલનાં ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર  કાર્યરત કરાયા છે. આ **12** સર્કલમાં **46** ડિવિઝનના **276** સબ ડિવિઝનમાં કસ્ટમર કેર અને ફોલ્ટ સેન્ટર શરૂ કરી દેવામાં આવ્યા છે, જેમાં દરેક સબ ડિવિઝનના લેન્ડલાઈન અને મોબાઈલ નંબર જાહેર કરાયા છે. આ ઉપરાંત એક ટોલ ફ્રી નંબર અને એક હેલ્પલાઇન નંબર જાહેર કરાયો છે.

દરેક સબ ડિવિઝનમાં **3** વ્યક્તિની **3** ટીમ બનાવવામાં આવી છે, એટલે કે એક સબ ડિવિઝન દીઠ **9**થી **10** લોકોની ટીમ ખડેપગે રહેશે. **2** કલાક, **4** કલાક અને **6** કલાકથી વધુ સમય સુધી કોઈપણ વીજ ફોલ્ટની ફરિયાદનું નિવારણ ન થાય તો એવી ફરિયાદોનું કોર્પોરેટ ઓફિસથી ખાસ મોનિટરિંગ પણ કરવામાં આવે છે તેવી માહિતી **PGVCL** આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

# ધોરણ 10-12 પુરક પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને ધો. 12ની પૂરક પરીક્ષાઓ 23મી જૂનથી 3જી જુલાઈ દરમિયાન યોજાશે. જેથી પરીક્ષા કેન્દ્રોના સ્થળે અને તેની આજુબાજુના વિસ્તારોમાં સલામતીની વ્યવસ્થાના ભાગ રૂપે પ્રતિબંધાત્મક હુકમ જારી કરાયા છે.

પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યીવસ્થાભ જળવાઇ રહે અને કોઇ અનિચ્છાનીય બનાવ બનવા ન પામે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ હેઠળ પરીક્ષા કેન્દ્રો ની આસપાસ 100 મીટરની ત્રિજયાના વિસ્તારરમાં કોઇપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં 5 કરતા વધારે લોકોએ એકઠા થવા પર,  સરઘસો કાઢવા પર તેમજ સૂત્રો પોકારવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------

# અષાઢી બીજની રજા યથાવત

જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા. 26થી 28 જૂન દરમિયાન યોજાશે. જેના કારણે અષાઢી બીજ કચ્છી નવા વર્ષની રજા રદ્દ કરવામાં આવી હતી પણ જે શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સ કાર્યક્રમનું આયોજન ન થયેલ હોય ત્યાં અષાઢી બીજની રજા યથાવત રાખવાનો નિર્ણય આજે લેવાયો છે.

---------------------------------------------------------------------------------